**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 2, Issue - 3, May-June – 2019
Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 1.847
Received on : 20/06/2019 Accepted on : 29/06/2019 Publication Date: 30/06/2019

# 'માધ્યમો અને વિકાસ'
# અખબારો અને ગ્રામીણ વિકાસના સમાચારો : એક અધ્યયન

**ડૉ. પુનિતા હર્ણે**
પ્રોફેસર, પત્રકારત્વ વિભાગ

**પારૂલ પટેલ**
વિદ્યાર્થી (વિદ્યા વાચસ્પતિ)

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪, ગુજરાત

**સારાંશ:** *રાષ્ટ્રના વિકાસમાં ગામને મહત્વનુ એકમ માનવમાં આવે છે. રાજ્ય કે રાષ્ટ્રના વિકાસનો આધાર અનેક પરિબળો ઉપરાંત ગ્રામીણ વિકાસ ઉપર પણ રહેલો છે. વિકાસ માટે પ્રત્યાયનના માધ્યમો અગત્યના અને આવશ્યક પરિબળો છે. વિકાસ ગ્રામીણ ક્ષેત્રે હોય કે શહેરી વિસ્તારમાં, પ્રત્યાયનની સફળતા ઉપર તેનો આધાર રહેલો છે. વિકાસ અને પ્રત્યાયનનો સંબંધ પરસ્પરાવલંબી છે.*

*પ્રત્યાયનના અનેક મધ્યમોની વિકાસયાત્રા પરંપરાગત માધ્યમોથી વિકસીને આજે મુદ્રિત અને વીજાણુ માધ્યમ સુધી પહોંચી છે. મુદ્રિત માધ્યમોમાં અખબારો, સામયિકો જ્યારે વીજાણુ માધ્યમોમાં રેડિયો, ટેલીવિઝન અને ફિલ્મો તથા આધુનિક ટેક્નોલૉજીના પરિણામે આંતરિક પ્રત્યાયન માટેનું માધ્યમ ઈન્ટરનેટ થોડા વર્ષો અગાઉ જ મળેલું સફળ અને અતિ પ્રચલિત માધ્યમ છે. આ તમામ માધ્યમોની વચ્ચે અખબારોની વિશ્વસનીયતા આજે પણ એટલી જ પ્રસ્તુત છે.*

*ગામડાંઓ સુધી સરકાર તરફથી જાહેર થતી યોજનાઓ અને પ્રજાના પ્રશ્નો સરકાર સુધી પહોંચે તે માટે ગ્રામીણ કે જિલ્લાકક્ષાએથી પ્રકાશિત થતાં અખબારો મહત્વની કામગીરી બજાવી શકે છે, એ ધારણાને પાયામાં રાખીને પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાતનાં ત્રણ પ્રાદેશિક વિશ્વસનીય ગુજરાતી દૈનિક અખબારો 'રખેવાળ' (ઉત્તર ગુજરાત) , 'ગુજરાતમિત્ર' (દક્ષિણ ગુજરાત) , 'ફુલછાબ' (સૌરાષ્ટ્ર) ના પસંદ કરેલ સમયગાળા માટે ગ્રામીણ સમાચારોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત અભ્યાસમાં પ્રકાશિત થતી તમામ અખબારી સામગ્રીમાંથી કૃષિ , શિક્ષણ , આરોગ્ય , માર્ગપરિવહન અને પંચાયત વિષયક સમાચારોનો જ અભ્યાસ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત પેપરમાં કૃષિ સંબંધિત માહિતીનો અભ્યાસ રજૂ કર્યો છે જેમાં સંશોધનની સંખ્યાત્મક અને ગુણાત્મક પદ્ધતિઓ જેવી કે ગ્રંથાલય પદ્ધતિ , નિદર્શન પદ્ધતિ , વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિઓના ઉપયોગ દ્વારા માહિતી એકત્ર કરીને વિશ્લેષણ કરવામાં આવ્યું છે. સંશોધનના અંતે પ્રાપ્ત થયેલ તારણો સંપૂર્ણ પેપરમાં સમાવાયા છે.*

**ચાવીરૂપ શબ્દો:** *વિકાસ પ્રત્યાયન , વિકાસ પત્રકારત્વ , પ્રત્યાયનના યોગ્ય સાધનો, ગ્રામીણ સમસ્યાઓ*

### અખબારો અને ગ્રામીણ વિકાસ

વિકાસ અને પ્રત્યાયનનો સંબંધ પરસ્પરાવલંબી છે. પ્રત્યાયનના અનેક માધ્યમોની વિકાસયાત્રા પરંપરાગત માધ્યમોથી લઈને મુદ્રિત અને વીજાણુ માધ્યમ સુધી પહોચી છે. મુદ્રિત માધ્યમમાં અખબાર, સામાયિક, ગ્રંથ જ્યારે વીજાણુ માધ્યમમાં રેડિયો, ટેલીવિઝન અને ફિલ્મ તથા નૂતન ટેકનોલોજીના પરિણામે આંતરિક પ્રત્યાયન માટે ઈન્ટરનેટ એ થોડા વર્ષો અગાઉ જ મળેલું સફળ માધ્યમ છે.

વર્તમાન સમયમાં ઈન્ટરનેટના વિસ્તારતા જતાં વ્યાપ અને વીજાણુ માધ્યમની અસરકારકતા વચ્ચે અખબારોની વિશ્વસનિયતા અને અડગતા આજે પણ એટલી જ પ્રસ્તુત છે. અખબારને આજે પણ સમાજનો આયનો ગણવામાં આવે છે. જેમાં સમાજના સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, રાજકીય અને ધાર્મિક પાસાઓ રજૂ કરવામાં આવે છે. સમાજના પ્રશ્નોને વાચા આપવાનું કાર્ય અખબારોએ જવાબદારીપૂર્વક કરવું જોઈએ. ગામડાઓમાં વસેલા આપણાં દેશની ગ્રામીણ જનતા પ્રત્યે અખબારોની ભૂમિકા વિશેષ હોવી જોઈએ. આપની જનતા અને સરકાર વચ્ચેના સેતુનું કાર્ય મોટાભાગે અખબારોના ભાગે આવે છે ત્યારે અખબાર પોતાની જવાબદારી પૂરી કરવામાં કેટલા અંશે સફળ રહ્યા છે એ તપાસ/અભ્યાસનો વિષય બને છે.

આ ક્ષેત્રે અભ્યાસ કરવા માટે કયા અખબારોની પસંદગી કરવી એ પ્રશ્ન આવતા થયું કે એવા અખબારોની પાંદગી કરવી જેમાં પોતાના વિસ્તારની નાનામાં નાની બાબતોનો સમાવેશ કરવામાં આવતો હોય અને જે એ વિસ્તારના લોકોનું પ્રિય અને વિશ્વસનીય અખબાર હોય જેમાં દેશ દુનિયા માત્ર મુખ્ય સમાચાર હોય પરંતુ પોતાના વિસ્તારની તમામ માહિતી હોય. ગુજરાતનાં ગુજરાતી દૈનિકોની માહિતી મેળવતા ત્રણ સ્થાનિક લોકપ્રિય દૈનિકો જે જિલ્લા પ્રમાણે અલગ અલગ નહીં પણ સમગ્ર ગુજરાતમાં એક જ સરખા પ્રકાશિત થાય છે જેમાથી આ અભ્યાસ માટે 'રખેવાળ' ઉત્તર ગુજરાત,'ફૂલછાબ' સૌરાષ્ટ્ર અને 'ગુજરાત મિત્ર' દક્ષિણ ગુજરાત પસંદ કર્યા છે.

**ગ્રામીણ પત્રકારત્વ : વર્તમાન સ્થિતિ**

આપણા દેશના નાના નાના ગામડાઓ જેઓ આજે શહેરોની હદમાં સમતા જાય છે અને પોતાનું અસ્તિત્વ ગુમાવતાં જાય છે તેમના સુધી પહોચવા માટે આજે તો અનેક સાધનો/માધ્યમો હાથવગા છે. પરંતુહજુ પણ આપણા દેશમાં હજારો ગામડાઓ છે જેમાં ગ્રામીણ જનતા પોતાની પરંપરાઓ અને સંસ્કૃતિને સાચવીને બેઠા છે આવા ગામડાના લોકો સુધી માહિતી પહોચાડવાનું એક મજબૂત સાધન/માધ્યમ એટલે ગ્રામીણ પત્રકારત્વ/ગ્રામીણ અખબારો. ગામડાઓથી અળગા થયેલા અને શહેરોમાં આવીને વસેલા અને કામ કરતા લોકો અને અધિકારીઓ જ્યારે ગામડાઓમાં રહેતા લોકોના વિકાસ અને પ્રગતિ માટેની યોજનાઓ અને આયોજનો તૈયાર કરે છે ત્યારે આ યોજનાઓ અને આયોજનોને ગ્રામીણ જનતા સુધી પોચાડવાનું મુખ્ય કાર્ય ગ્રામીણ પત્રકારત્વ/ગ્રામીણ અખબારો જ કરે છે. લોકકલ્યાણ માટે તૈયાર કરવામાં આવેલ યોજના અને આયોજન રાજકીય ભાષા-શૈલી અને સમીકરણો દ્વારા આલેખવામાં આવે છે જે ગ્રામીણ સામાન્ય જનતા માટે સમજવું ઘણીવાર અઘરું સાબિત થતુહોય છે ત્યારે આ ગ્રામીણ અખબારો યોજનાઓ અને આયોજનોમાં રહેલી તકનીકી અને વહીવટી બાબતોને સરળ ભાષા શૈલીમાં સામાન્ય લોકો સમજી શકે એવ સ્વરૂપે પ્રકાશિત કરે છે જેથી કરીને વધુમાં વધુ લોકો તેને ફાયદો ઉઠાવી શકે એટલું જ નહીં પરંતુ આ યોજનાઓ અને આયોજનોમાં જો કોઈ પ્રકારની ખામી દેખાય તો તે લોકો અને વહીવટ કર્તાઓ સામે રજૂ કરીને યોગ્ય વિચારણા માટે પ્રેરિત કરે છે. આમ ગ્રામીણ પત્રકારત્વ/ગ્રામીણ અખબારો વહીવટ કર્તાઓ અને ગામડાઓ/જનતા વચ્ચે સેતુનું કાર્ય કરે છે.

આપણા ગ્રામીણ વિસ્તારોમાં આજે પણ લોકો પાયાની જરૂરિયાતોથી પણ વંચિત છે જેના મૂળમાં બેરોજગારી અને નિરક્ષરતાનું ઊંચું પ્રમાણ રહેલું છે. બેરોજગારી અને ભૂખમરો લોકોને દૂષિત માર્ગે વાળીને તેમના જીવનને અંધકારમય બનાવી દે છે ત્યારે આપણે તેમની સમસ્યાઓ અને પરિસ્થિતિને ના સમજીને પાપ આચરીએ છીએ.

સ્વતંત્રતાના આટલા વર્ષો પછી પણ ગાંધીજીએ જોયેલું સ્વતંત્રતાનું સ્વપ્ન માત્ર સ્વપ્ન જ રહ્યું છે કારણ કે ગાંધીજીના સ્વતંત્રતાના ખ્યાલમાં ગામડાઓ અને ત્યાં વસતા લોકોનો વિકાસ પ્રથમ સ્થાને રહ્યા છે જે આપણે આજે પણ કરી શક્યા નથી. શહેરીકરણના યુગમાં ગાંધીજીના સ્વપ્નના ગામડાઓની પુનર્રચના અથવા બચેલા ગામડાઓના રક્ષણ માટે નવું વાતાવરણ નિર્માણ કરવામાં પત્રકારોની ભૂમિકા વધી જાય છે. પત્રકારત્વએ સામાજિક જવાબદારી છે. પત્રકારો સામાજિક કાર્યકર હોય છે, જે સામાજિક પરિવર્તનમા મહત્વની જવાબદારીપૂર્ણ ભજવે છે. વર્તમાન સમયમાં સમાચાર, બનાવોની માહિતી અને જાણકારીથી આગળ વધીને લોકોને જાગૃત કરવાની તેમનામા રહેલી કાર્ય કુશળતા અને આવડતને સાચા માર્ગદર્શન દ્વારા યોગ્ય દિશા બતાવીને લાખો ગ્રામીણ લોકોના અંધકારમય નિરશ જીવનમાં આશાના કિરણોનો સંચાર કરવાની જરૂર છે જે ગ્રામીણ પત્રકારત્વ દ્વારા થઈ શકે છે.

આવા સમયમાં ગ્રામીણ પત્રકારત્વની ભૂમિકા કેવી હોવી જોઈએ અથવા શું હોય શકે? ગાંધીજી 'મારા સ્વપ્નના ભારત' નામના પુસ્તકમાં જણાવે છે કે, સમાચાર પત્રો માત્ર સેવાભાવથી જ ચાલવા/ચલાવવા જોઈએ. પરંતુ આજના આ ઔધ્યોગિક અને વ્યાપારિકરણના યુગમાં સેવાભાવ ક્યાં ખોવાય ગયો એ જ ખબર નથી. બીજા અનેક ઉધ્યોગોની જેમ સમાચાર પત્રો પણ ઉધ્યોગ બની ગયા છે. સમાચાર, માહિતી કે લોકસેવાની જગ્યાએ અખબારો જાહેરખબરો છાપતાં એકમો બની ગયા છે.

પરસ્પરની પ્રતિસ્પર્ધા, બજારમાં અસ્તિત્વ ટકાવવાની લડાઈ અને વધારે નફો કમાવાની હોડમાં ગ્રામીણ અખબારો પોતાની જવાબદારી વિસરી ગયા છે. પત્રકારત્વની આચારસંહિતાને ભૂલીને વાચકોને ગમતા રહેવા ચટપટા મસાલેદાર સમાચાર પીરસે છે. સમચારના મૂળમાં રહેલી સચ્ચાઈ કરતાં તેને નકલોના વેચાણમાં વધારે રસ હોય છે. અને એટલે જ લોકો સુધી યોગ્ય માહિતી યોગ્ય સમયે પોચી શકતી નથી.

ગ્રામીણ પત્રકારત્વની સૌથી મહત્વની બાબત તેમાં પ્રકાશિત થતી સામગ્રી તથા તેના વિષય છે. ગ્રામીણ અખબારો ત્યના લોકોના જીવનનો દર્પણ છે અને એટ્લે જ અખબારોની ફરજ બને છે કે તે પોતાની કામગીરી જવાબદારીપૂર્વક પૂર્ણ કરે. ગ્રામીણ વિકાસને લગતી તમામ બાબતોને લોકો સુધી પોચાડીને પોતાના અને ગામના વિકાસમાં ભાગીદાર થવા લોકોને જાગૃત કરે. ગામડાઓમાં ગરીબી, બેકરી અને નિરક્ષરતા છે તો સાથે સાથે પરંપરાગત કૌશલ્યો, આવડતો અને રીત-ભાત છે જેના વિશે લોકોને જાગૃત કરીને તેના ઉપયોગ દ્વારા વિકાસ તરફ આગળ વધવાનો માર્ગ ચીંધીને લોકોને પ્રોત્સાહિત કરવાનું કાર્ય અખબારોએ કરવું જોઈએ.

સાંપ્રત સમયમાં અખબારો કે ગ્રામીણ અખબારો સામે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે સંઘર્ષો કરવાના દિવસો આવ્યા છે. જેના મુખ્ય કરણોમાં મોબાઈલ રેડિયો, કેબલ ટી.વી. અને સ્માર્ટ ફોનના આવિસ્કારથી ખૂબ જ ઝડપથી વિસ્તારીત થતાં ઈન્ટરનેટ જેવા માધ્યમો છે. આધુનિક વીજાણુ અને નવીનતમ માધ્યમો સાથેની સ્પર્ધામાં ટકવા માટે અખબારોએ પોતાના 'વેબ પોર્ટલ' શરૂ કરવાની નોબત આવી છે જેની અસર અખબારોની પ્રત્યક્ષ નકલોના પ્રકાશન પર થાય છે. અખબારોની પ્રત્યક્ષ નકલો સામે લુપ્તતાનો ભય ઉત્પન્ન થયો છે ત્યારે ગ્રામીણ પત્રકારત્વ વિષેની વિશેષ ચિંતા કરવાની જરૂર છે. પ્રત્યક્ષ અખબારો શહેરોમાથી લુપ્ત થસે તો ગ્રામીણ પત્રકારત્વ પણ રઝળી પડશે.

**ભારતની કૃષિ આધારિત અર્થવ્યવસ્થા અને સમાજનો સંબંધ:**

"ભારત એ કૃષિપ્રધાન દેશ છે." આ વાક્ય શાળાકીય જીવનના દરેક તબ્બકે સાંભળ્યું છે અને ભણાવવામાં આવ્યું છે. અર્થાત ભારત

દેશના લોકોનું મુખ્ય કાર્ય કૃષિ જ રહ્યું છે એવું કેળવણીના અત્યંત પ્રાથમિક સમય ગાળાથી શીખવવામાં આવ્યું છે. આપણા દેશની અર્થવ્યવસ્થામાં બહુ મોટો ફાળો કૃષિ ક્ષેત્રનો રહ્યો છે. આપણા રાષ્ટ્રના અર્થતંત્રમાં કૃષિક્ષેત્રનું મહત્વ કંઈ નવું નથી, વૈદિકકાળથી જ કૃષિક્ષેત્ર આપણા અર્થતંત્રનો મુખ્ય આધાર રહ્યું છે.આપણા અર્થતંત્રમાં કૃષિવિભાગ અથવા કૃષિક્ષેત્રનું સ્થાન આટલું મહત્વનું છે તેના અનેક કારણો છે જેમાં કૃષિક્ષેત્રથી થતી આવક મુખ્ય કારણ છે. કૃષિ દેશના બહુ મોટા સમુદાયના લોકોનીઆવકનું મુખ્ય સાધન છે, નિકાસોમાં ખેત પેદાશોનું મોટું પ્રમાણ, ઔદ્યોગિકરણની પ્રક્રિયામાં પ્રેરક પરિબળ, રોજગાર ક્ષેત્રે અગત્યતા તેમજ સામાજિક અને રાજકિય દ્રષ્ટિએ કૃષિક્ષેત્રનું આગવું મહત્વ છે.

આપણા દેશના અર્થતંત્રને વિકસતા અર્થતંત્રમાંથી વિકસિત અર્થતંત્ર બનાવવા માટે કૃષિક્ષેત્રનો વિકાસ એ અનિવાર્ય અને પાયાની જરૂરિયાત છે જેના માટે આપણી સરકારો, નિષ્ણાતો અને તજજ્ઞો સતત કાર્યશીલ જોવા મળે છે. કૃષિક્ષેત્રના વિકાસ માટે તેમજ કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોના જીવનસ્તરમાં સુધારો લાવવાના પ્રયત્નો સતત ચાલતા હોવાના દાવાઓ અને વાયદાઓ વચ્ચે કૃષિક્ષેત્રના મૂળ સમા ખેડૂતોના જીવનમાં ઉદ્ભવતી સમસ્યાઓ અને તેના નિવારણ માટે વલખાં મારતા ખેડૂતોની દશા તરફ ધ્યાન કેન્દ્રિત કરવું અનિવાર્ય થઈ પડ્યું છે.

માહિતી સંચારના આ યુગમાં કોઈ પણ નાની અમથી બાબતને સીમાડાઓ વટાવતા પળ જેટલો પણ સમય લાગતો નથી ત્યારે ખેડૂતો અને તેમના પરિવારોની દશા સરકારની નજર સુધી પહોચાડવામાં આપણા સંચાર માધ્યમો ક્યાંક પાછા પડતાં હોય એવું લાગે છે અથવા તો કૃષિક્ષેત્રના વિકાસ માટે સરકાર દ્વારા કરવામાં આવતા પ્રયત્નો, આયોજનો અને યોજનાઓ યોગ્ય સમયે ખેડૂતો સુધી પહોચી શકતા નથી. આના મૂળમાં કયા કારણો રહેલા છે તે જાણવા માટે અને સંચાર મધ્યમોની કાર્યપ્રણાલી, જવાબદારી તેમજ નીતિઓને સમજવા માટે આ અભ્યાસ કરવામાં આવ્યો છે.

પત્રકારત્વ નામ પડતાં જ આપણી નજર સમક્ષ સૌ પ્રથમ અખબાર અને ત્યારબાદ સામાયિક આવીને ઉભા રહે છે ત્યારે કૃષિપત્રકારત્વની વાત કરીએ તો એટલી તો સમજ પડે જ કે ખેતી અને અખબારોને લાગતું જ કઈક હશે. સમૂહ માધ્યમ જગતમાં થયેલી ક્રાંતિને કારણે એક સમયે એવું લાગતું હતું કે અખબારોનું અસ્તિત્વ જોખમમાં છે પરંતુ અખબારો દ્વારા તેની સામગ્રી અને દેખાવમાં કરવામાં આવેલું પરિવર્તન અને એક આગવી તાસીરના કારણે અખબારો આજે પણ અડીખમ છે. ડિઝીટલ યુગમાં માહિતી મેળવવાના અનેકો માધ્યમ અને રસ્તાઓ સામે પણ અખબાર આજે એક મજબૂત અને સશક્ત માધ્યમ બની રહ્યું છે. ફેસબુકની ન્યુઝ એપ ની વાત આવતા અને પ્રિન્ટ મધ્યમોના અસ્તિત્વનો સવાલ આવતા ભારતના જાણીતા અભિનેતા અમિતાભ બચ્ચન જણાવે છે કે 'પ્રિન્ટ મીડિયા હંમેશા અડીખમ રહેશે અને તેને કોઈ ક્યારેય હચમચાવી નહીં શકે.'(સંદેશ ,૨૪/૧૧/૨૦૧૪ ,પા.ન. ૧૨)

પત્રકારત્વએ સમાજના દરેક ક્ષેત્ર ઉપર પોતાનો ઊંડો પ્રભાવ પડ્યો છે. આર્થિક વ્યવહારોની જટિલતા સમજાવવા , મૂલવવા અને સરળ બનાવવાની સમાજને સમજણ આપી છે. સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજારભાવ, માંગ, ફુગાવો, તેજી, મંદી અને વિવિધ વલણો જણાવી વ્યક્તિને આર્થિક વ્યવહાર માટે તૈયાર કરે છે. કૃષિપત્રકારત્વ પણ આ જ રીતે કાર્ય કરે છે. સમાજમાં ખેડૂતની સ્થિતિ, દશા, પ્રશ્નો અને માંગને સરકાર, તેમના અધિકારીઓ અને નીતિ વિષયક નિર્ણયો લેનાર સુધી પહોંચાડે છે તો બીજી તરફ ખેડૂત અને કૃષિના વિકાસ માટે સરકાર દ્વારા કરવામાં આવતા આયોજનો , યોજનાઓ , સશોધનો , પ્રસાધનો , સુવિધાઓ વગેરે જનતા સુધી પહોંચાડવામાં અગત્યની ભૂમિકા ભજવે છે. એ ધારણા હેઠળ આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

## સંશોધન અભ્યાસના હેતુઓ :

પ્રસ્તુત શોધકાર્ય દરમ્યાન ગુજરાતી પત્રકારત્વ માંથી પસંદ કરેલ દૈનિકોની કૃષિક્ષેત્ર સંલગ્ન કામગીરી ચકાસવાનો પ્રાથમિક ઉદ્દેશ્ય છે. જેમાં,

૧. સતત વિકસતા જતાં સમૂહ માધ્યમો વચ્ચે અખબારોની ભૂમિકા, કાર્યશૈલી અને સ્થિતિ વિશે અભ્યાસ કરવો.
૨. નૂતન માધ્યમોના આવિસ્કાર અને વિકાસની અખબારોની નીતિઓ પર થયેલી અસરો તપાસવી.
૩. રખેવાળ, ફુલછાબ અને ગુજરાત મિત્ર ની સ્થાનિક કૃષિક્ષેત્રે ભૂમિકા તપાસવી.
૪. અખબારો મારફતે થતી કૃષિપત્રકારત્વની કામગીરીની ખેડૂતોના જીવન પર કેવા પ્રકારની અસર થાય છે તેનો સર્વાંગી અભ્યાસ કરવો.

## પ્રસ્તુત અભ્યાસમાં

૧. રખેવાળ, ફુલછાબ અને ગુજરાત મિત્ર ના ચાર ચાર મહિનાના (ઓક્ટોમ્બર, નવેમ્બર, ડિસેમ્બર-૨૦૧૮, જાન્યુઆરી ૨૦૧૯) અખબારોનો અભ્યાસ કરવામાં આવ્યો છે.
૨. અખબારના મુખ્ય ભાગમાં પ્રકાશિત થતી ગ્રામીણ ક્ષેત્રની માહિત અને સમાચારોનો અભ્યાસ કરવામાં આવ્યો છે.
૩. ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રનું પત્રકારત્વ ક્યાં અને કેવી રીતે અલગ પડે છે તેનો અભ્યાસ કર્યો છે.

**માહિતી એકત્રીકરણ અને વર્ગીકરણ :**

**અખબારોનું અધ્યયન :**

પ્રસ્તુત અભ્યાસ માટે માહિતી એકત્રીકરણના સ્ત્રોત તરીકે અખબારોની પસંદગી કરવામાં આવી હોવાથી રખેવાળ, ફુલછાબ અને ગુજરાત મિત્રના ચાર મહિનાના (ઓક્ટોમ્બર, નવેમ્બર, ડિસેમ્બર-૨૦૧૩, જાન્યુઆરી ૨૦૧૪) અખબારોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. જેમાં રખેવાળ (૮*૩૦*૪=૯૬૦), ફુલછાબ (૧૨*૩૦*૪=૧૪૪૦) અને ગુજરાત મિત્રના (૧૨*૩૦*૪=૧૪૪૦) કુલ ૩૮૪૦ પાનાનો અભ્યાસ કરીને તેમાં ગ્રામીણ વિસ્તારને લગતા સમાચારો ટીક કરીને તેની નોંધણી કરવામાં આવી છે.

સમગ્ર અભ્યાસ દરમિયાન ગ્રામીણ વિસ્તારના કુલ ૨૧૭૪ સમાચાર મળ્યા છે જેમાં કૃષિને લગતા ૭૩૨ સમાચાર છે.

**માહિતીનું વર્ગીકરણ :**

સમગ્ર અભ્યાસ દરમિયાન ૩૮૪૦ પાનામાથી ગ્રામીણ વિસ્તારના કુલ ૨૧૭૪ સમાચાર મળ્યા છે જેનું વર્ગીકરણ કરીને ૭૩૨ કૃષિ સલગ્ન સમાચારોનું કોસ્ટકીકરણ કરવામાં આવ્યું છે જેથી કરીને સામગ્રીનો તુલનાત્મક અભ્યાસ થઈ શકે.

**અભ્યાસ દરમિયાન મળેલા કૃષિ વિષયક સમાચારો મહિનાઓ પ્રમાણે**

| મહિનો | ફુલછાબ | | રખેવાળ | | ગુજરાત મિત્ર | |
|---|---|---|---|---|---|---|
| | વિકાસ | સમસ્યા | વિકાસ | સમસ્યા | વિકાસ | સમસ્યા |
| ઓક્ટોમ્બર-’18 | ૩૭ | ૧૦૨ | ૩૧ | ૪૧ | ૧૨ | ૧૭ |
| નવેમ્બર-’18 | ૩૮ | ૪૧ | ૩૬ | ૩૫ | ૧૦ | ૧૩ |
| ડિસેમ્બર-’18 | ૨૪ | ૪૬ | ૨૭ | ૩૩ | ૧૧ | ૧૪ |
| જાન્યુઆરી-’19 | ૩૫ | ૫૨ | ૧૬ | ૩૩ | ૦૬ | ૨૨ |
| કુલ | ૧૩૪ | ૨૪૧ | ૧૧૦ | ૧૪૨ | ૩૯ | ૬૬ |
| ટકા | ૩૫.૭૩ | ૬૪.૨૭ | ૪૩.૬૫ | ૫૬.૩૫ | ૩૭.૧૪ | ૬૨.૮૬ |
| ટોટલ | ૩૭૫ | | ૨૫૨ | | ૧૦૫ | |

૧. ત્રણેય દૈનિકમાં કૃષિ સમચારના આંકડા અલગ અલગ છે પરંતુ ત્રણેય અખબારોમાં કૃષિ સમસ્યાના સમાચારો વધારે છે.
૨. કૃષિ વિકાસના સમાચારોની સંખ્યા ખેડૂતોની વાસ્તવિક સ્થિતિ દર્શાવે છે.
૩. ફુલછાબ પોતાના ક્ષેત્રમાં કૃષિ વિષયક બાબતોને વધારે મહત્વ આપે છે જ્યારે ગૌજરાત મિત્ર આ બાબતે ઘણું પછાત જોવા મળે છે.

**અભ્યાસ દરમિયાન મળેલા કુલ કૃષિ વિષયક સમાચાર**

| અખબાર | વિકાસ | | સમસ્યા | | કુલ |
|---|---|---|---|---|---|
| | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | |
| રખેવાળ | ૧૧૦ | ૪૩.૬૫ | ૧૪૨ | ૫૬.૩૫ | ૨૫૨ |
| ફુલછાબ | ૧૩૪ | ૩૫.૭૩ | ૨૪૧ | ૬૪.૨૭ | ૩૭૫ |
| ગુજરાત મિત્ર | ૩૯ | ૩૭.૧૪ | ૬૬ | ૬૨.૮૬ | ૧૦૫ |
| કુલ | ૨૬૩ | ૩૮.૬૬ | ૪૪૯ | ૬૧.૩૪ | ૭૩૨ |

૧ કૃષિ વિષયક સમાચારો પ્રકાશિત કરવામાં ફુલછાબ ૩૭૫ સમાચારો સાથે પ્રથમ છે.
૨ ફુલછાબ પછી રખેવાળ કૃષિ વિષયક સમાચાર પ્રકાશિત કરે છે જેમાં સમાચારોની સંખ્યા ૨૫૨ છે.
૩ ગુજરાત મિત્ર કૃષિ વિષયક સમાચાર પ્રકાશિત કરવામાં પાછળ છે જેમાં સમાચારોની સંખ્યા માત્ર ૧૦૫ છે.

(નોંધ: પ્રસ્તુત અભ્યાસમાં માહિતીના બે પ્રકાર વિકાસ અને સમસ્યા કૃષિને લગતા મુદ્દાઓ જેવા કે જમીન, સિંચાઇ, બિયારણ, ખાતર,બજાર અને બજારભાવ તેમજ સરકારી યોજનાઓ અને આયોજનોને ધ્યાનમાં રાખીને પાડવામાં આવ્યા છે.)

**તારણો :**

- વર્ષ ૨૦૧૮ના ચોમાસામાં પાછોતરાં વધારે વરસાદના કારણે કૃષિ ક્ષેત્રે જે નુકશાન થયું તે અને તેના કારણે જે સમસ્યાઓ ઉત્પન્ન થઈ તેની નોધ અખબારો દ્વારા લીધેલી જોવા મળે છે.
- વધારે વરસાદથી પાકને અને ખેડૂતોને થયેલા નુકશાન સામે સરકાર તરફથી મળતા વળતર તરીકે પાક વીમા, અન્ય યોજનાઓ અને આયોજનો ઉપરાંત વરસાદથી ભરાયેલા પાણીનો સદઉપયોગ કેવી રીતે કરવો તેની માહિતી અને પ્રોત્સાહન અખબારોએ ખેડૂતોને પૂરા પાડ્યા છે.
- ખેતી ક્ષેત્રે થયેલા નુકશાન ઉપરાંત બજારમાં ખાતરની અછત અને કાળાબજારી, ખેડૂતોને ફાળવવામાં આવતા વીજ પુરવઠા સબંધિત સમસ્યાઓ તેમજ ઉત્પાદનના બજાર ભાવ અંગેના પ્રશ્નોની નોંધ અખબારો દ્વારા લેવામાં આવી છે.
- ખેત મજૂરનાં દૈનિક વેતનમાં વધારો, બિયારણ અને ખાતરોની કાળાબજારી અટકાવવા સરકાર દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી જેવી નીતિવિષયક બાબતોની જાણકારી પ્રકાશિત કરીને ખેડૂતોની સમસ્યાઓ વચ્ચે આશાનું કિરણ પ્રગટાવવાનું કાર્ય અખબારોએ કર્યું છે.
- વિવિધ શિબિરો અને સંમેલનો દ્વારા થતાં નવીનતમ પરિવર્તનો અને પ્રયોગો દ્વારા મેળવેલી સફળતા વિશેની માહિતી પ્રકાશિત કરીને ખેડૂતોને તે અપનાવવા તેમજ વિકાસ તરફ પ્રયાણ કરવા પ્રોત્સાહિત કરવાનું કામ અખબારોએ કર્યું છે.

**સૂચનો:**

૧. અખબારોમાં ગ્રામીણ વિસ્તારના સમાચારોને વધારે જગ્યા ફાળવવાની જરૂર છે મોટાભાગના સમાચારનો સમાવેશ સંક્ષિપ્ત સમાચારમાં કરવામાં આવે છે.
૨. ગ્રામીણ વિકાસ માટે ફાળવવામાં આવેલા ફન્ડનો ઉપયોગ ક્યાં અને કેવી રીતે કરવામાં આવ્યો તેનું follow – up કરવાની જરૂર છે.
૩. દૈનિકમાં ગુનાખોરીને જેટલું સ્થાન મળે છે તેટલું વિકાસકાર્યોને (ગ્રામીણ વિકાસના સંદર્ભે)મળતું નથી તે તરફ ધ્યાન દોરવાની જરૂર છે.
૪. ગુજરાતમાં આજે પણ અનેક અંતરિયાળ વિસ્તાર સુધી પોચવામાં અખબારોને સફળતા મળી નથી તો ત્યાં સુધી પોચવાના પ્રયત્ન કરવા જોઈએ.

**સંદર્ભ સૂચિ :**


૧. મહેતા, ચંદ્રકાંત (૧૯૯૦). પત્રકારત્વ સિદ્ધાંત અને અધ્યયન. અમદાવાદ: ભૂમિ પ્રકાશન.
૨. મહેતા, ચંદ્રકાંત (૨૦૦૩). સંચાર માધ્યમ સંશોધન. અમદાવાદ: ગુજરાત ગ્રંથરત્ન કાર્યાલય.
૩. હર્ણે, પુનિતા (૨૦૦૦). 'સમય' એક અધ્યયન. અમદાવાદ: નવજીવન મુદ્રણાલય.
૪. વ્યાસ, વી.એસ. (૧૯૭૯). ગુજરાતની ગ્રામીણ અર્થવ્યવસ્થા. અમદાવાદ: ગુજરાત સામાજિક સેવા મંડળ.

**સામયિક:**

૧. 'ભૂમિપુત્ર' પ્રકાશક: રજની દવે, પ્રકાશન: ગુજરાત સર્વોદય મંડળ.
૨. 'ગ્રામ સ્વરાજ', તંત્રી: અશોકભાઈ આર. મંકોડી, પ્રકાશન: નવજીવન મુદ્રણાલય અમદાવાદ.